**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૪.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૫૨ ટકા

# શહેરમાં ઠંડીનો કહેર યથાવત પારો ૯.૨ ડીગ્રીએ પહોંચ્યો

## નગરજનો ઠંડીથી તોબા : સાંજ ઢળતા કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળે છે : હજુ પણ ઠંડી વધવાની સંભાવના

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી આકરી ઠંડીથી નગરજનો તોબા પોકારી ગયા છે. ઠંડીના કહેરથી જનજીવન પ્રભાવિત છે. ઠંડીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા સાંજ ઢળતા જ શહેરમાં ખાલીપો જોવા મળે છે. નગરના માર્ગો પર સુનકાર પ્રવર્તે છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૯.૨ ડીગ્રીએ રહ્યુ હતુ. ઠંડીનો પારો સતત સિંગ્લ ડીઝીટમાં જ છે ત્યારે આગામી દિવસોમાં વધુ ઠંડી પડવાની સંભાવના પણ નકારી શકાય તેમ નથી.

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો કહેર યથાવત છે. લઘુત્તમ તાપમાનમાં વિશેષ કોઈ ફેરફાર જોવા મળતો નથી. ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં જોવા મળે છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૦.૬ ડીગ્રી ઘટીને ૯.૨ ડીગ્રી નોંધાયુ હતુ. જેના લીધે સવારથી જ વાતાવરણમાં અસહ્ય ઠંડક પ્રસરી હતી આકરી ઠંડીના લીધે નગરનુ જનજીવન છેલ્લા ઘણાં સમયથી સુન્ન પડી ગયુ છે. શહેરના સેકટરોમાં સુનકાર વચ્ચે શોપિંગ બજારમાં પણ કોઈ વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. આજે પણ બપોર સિવાય સાંજના સમયે નગરમાં ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો સતત ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. રાજયમાં નલીયામાં સૌથી વધુ ૪ ડીગ્રી ઠંડી નોંધાઈ છે. જયારે સૌરાષ્ટ્રના કેટલાક શહેરોને બાદ કરતા ગાંધીનગર ઠંડીની દષ્ટીએ રાજયમાં ચોથા ક્રમે રહ્યુ હતુ. સમગ્ર રાજયમાં ઠંડીનો કહેર યથાવત છે ત્યારે ગાંધીનગરમાં ઠંડીનો પારો ધીમે ધીમે ઉંચકાતા નગરજનો કાતિલ ઠંડીથી પ્રભાવિત છે. બીજી તરફ લગ્નસરાની મોસમ પણ નિખરી છે ત્યારે લગ્નમહોત્સવના આયોજકો પણ આકરી ઠંડીના લીધે સુન્ન પડી ગયા છે. રાત્રિના સમયે ગરબા મહોત્સવના આયોજનમાં પણ પાંખી હાજરી જોવા મળે છે. લગ્નસરાની મોસમ ઠંડીના લીધે ફીક્કી જોવા મળે છે. અલબત્ત ટુંકા સમયગાળામાં વધુ મુહુર્ત હોવાથી આકરી ઠંડીમાં લગ્નસરાની સિઝન પણ પ્રભાવિત છે. છેલ્લા પાંચ દિવસથી ઠંડી વધુ તિવ્ર બની છે ત્યાર હજુ પણ શહેરમાં કાતિલ ઠંડી પડે તેવી સંભાવના હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. ત્યારે ઠંડી સહન કરવા માટે નગરજનો પણ સજ્જ બની રહ્યા છે. નગરમાં ગરમ કપડાનુ વેચાણ પણ વિશેષ થઈ રહ્યુ છે ત્યારે ઠંડીથી રક્ષણ આપતા ઉની કપડાનુ વેચાણ પણ વધ્યુ છે.




ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશનનો ૧૬મો પદવીદાન સમારંભ તાજેતરમાં યોજાઈ ગયો આ અવસરે આઠ પીએચડી સ્કોલર સહિત ૪૭૫ વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખામાં ડીગ્રી આપવામાં આવી હતી. જયારે ચાર વિદ્યાર્થીઓને પ્રેસીડન્ટ ગોલ્ડમેડલ અપાયો હતો. નીતિ આયોગના સભ્ય અને ભારતના જાણીતા વૈજ્ઞાનિક ડૉ. વિજયકુમાર સારસ્વત આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

# મહુન્દ્રા પાટીયા પાસેથી ૫૮ બોટલ દારૂ ઝડપાયો

## પોલીસે દારૂ, મોબાઈલ અને ગાડી મળીને ૧,૮૨,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૮

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર મહુન્દ્રા પાટીયા પાસેથી એલસીબી-૨ પોલીસે બાતમીને આધારે વર્ના કારમાંથી વિદેશી દારુની ૫૮ બોટલ દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂ, મોબાઈલ અને ગાડી મળીને કુલ રૂ.૧,૮૨,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી-૨ ના પીઆઈ એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.ડી.વાઘેલા અને પી.એન.પઢીયાર જુદી જુદી ટીમ સાથે હાઈ-વે વિસ્તારમાં વોચ ગોઠવી હતી. તે સમયે સાથે રહેલા પો.કો.સજ્જાદ અલી અને સુરેન્દ્રસિંહને સંયુકત રાહે બાતમી મળી હતી કે પ્રાંતિજ તરફથી એક વર્ના કાર નં.જી.જે.૦૧.એચ. આર. ૬૯૯૯ વિદેશી દારૂ ભરીને ચિલોડા થઈને અમદાવાદ તરફ જવાની છે. જેને પગલે એલસીબી-૨ એ બાતમીને પગલે ટીમના જવાનોએ મહુન્દ્રા પાટીયા પાસે આડશ ઉભી કરીને બાતમી વાળી ગાડી દેખાતા ઉભી રખાવી ચેક કરતા દારુની ૫૮ બોટલ કિં.રૂ.૨૯૦૦૦, ઓપો કંપનીનો મોબાઈલ ફોન-૧ કિં.રૂ. ૩૦૦૦ તેમજ ગાડી કિં.રૂ.૧,૫૦,૦૦૦ મળીને કુલ રૂ.૧,૮૨,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગાડીના ચાલક અમિત જવાનસિંહ કટારા (ઉં.વ.૩૫) રહે.મ.નં. ૧૫ સહજાનંદ ડુપ્લેક્ષ શિવશકિત સ્કુલ સામે, સિધ્ધેશ્વરી ફલેટ ચાંદખેડા વાળાને પકડી પાડ્યો હતો. જયારે દારુનો જથ્થો ભરી આપનાર અશોક ડામોરને વોન્ટેડ જાહેર કર્યો છે. બનાવ અંગે એલસીબી-૨એ ચિલોડા પોલીસ મથકે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



વિકાસના કામો આપણે ત્યાં સતત ચાલી રહ્યા છે. જો કે કયારેક વિકાસના કામોના કારણે ભારે અગવડતા ભોગવવી પડે છે. સુવિધા ઉભી કરાય છે પરંતુ તેના યોગ્ય અમલીકરણના અભાવે આપણને પારવાર મુશ્કેલીઓ પડે છે. ગાંધીનગરમાં દરેકે દરેક સર્કલ પર ટ્રાફિક સિગ્નલ મૂકવામાં આવ્યા છે પરંતુ તેના કારણે ટ્રાફિક જામના પ્રશ્નો ઉભા થયા છે. ખાસ કરીને સાંજના સમયે સચિવાલય સહિતની કચેરીઓ છૂટે ત્યારે તો આખો માર્ગ ટ્રાફિકથી ભરાઈ જાય છે. ચ રોડ સૌથી વ્યસ્ત બની રહે છે.



# દલિત મહા સંમેલનમાં પિડીત પરિવારનું સરકારને ૭ દિવસનું અલ્ટીમેટમ..!

ગાંધીનગર, તા.૧૮

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે દલિત સમાજની દિકરીનું અપહરણ કરી તેના પર સામુહીક બળાત્કાર ગુજારી તેની કરણપીણ હત્યા કરી દેવામાં આવી અને તેના મૃતદેહને લટકાવી દેવામાં આવ્યો હતો. આ ઘટનાને ૧૮ દિવસ થયા છતા પણ હજુ સુધી આ કેસના આરોપી ફરાર છે અને આ કેસની તપાસ યોગ્ય દિશામાં આગળ વધી રહી નથી તેવો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. જેને પગલે સમાજના ભાઈ બહેનોમાં રોષની લાગણી ફેલાઈ છે.

આ અંગે પિડીત પરિવાર દ્વારા શનિવારના રોજ રાજયના પાટનગરમાં સેકટર-૧૨ સ્થિત ડો.બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે દલિત મહા સંમેલન બોલાવવામાં આવ્યું હતું. આ મહા સંમેલનમાં એડવોકેટ કેવલસિંહ રાઠોડ સહિતના ગુજરાતના તમામ સામાજીક સંગઠનોના પ્રતિનિધીઓ તેમજ હોદેદારો હાજર રહ્યા હતા.આ કેસના મુખ્ય ફરીયાદી અને પિડીત પરિવારના મોભીએ રાજયભરમાંથી આવેલા સમાજના ભાઈઓનો આભાર વ્યકત કર્યો હતો. દલિત મહાસંમેલનમાં પિડીત પરિવાર દ્વારા મુખ્ય પાંચ માગણી કરાઈ છે. જેમાં તમામ આરોપીઓને તાત્કાલીક ધરપકડ કરવામાં આવે, પિડીત પરિવાર ને એસઆરપીએફનું રક્ષણ આપવામાં આવે, બનાવની તપાસ સીઆઈડી ક્રાંઈમને સોંપવામાં આવે તેમજ ફરજ પર બેદરકારી દાખવનાર એસ.પી.મયુર પાટીલ અને પીઆઈ એન.કે.રબારીની જિલ્લા ફેર બદલી કરવામાં આવે, પિડીત પરિવારની માંગણી મુજબ સ્પેશીયલ પ્રોસીકયુટરની નિમણુંક કરવામાં આવે સહિતના મુદ્દાનો સમાવેશ કરાયો છે. ગાંધીનગર ખાતે આયોજીત મહાસંમેલનમાં પિડીત પરિવાર દ્વારા સરકારને ૭ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. મહાસંમેલનમાં ૭ દિવસનું એલ્ટીમેટમ આપવામાં આવ્યું છે, જો માંગણી નહી સ્વીકારવામાં આવે તો આગામી દિવસોમાં રાજયભરમાં સમાજ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.




ગાંધીનગર ખાતે યોજાયેલા દલિત સમાજના સંમેલનમાં મુખ્ય વકતા તરીકે કેવલસિંહ રાઠોડે સર્વ સમાજના તમામ નાગરીકોને પણ આંદોલનમાં જોડાવા માટે અનુરોધ કર્યો છે.



સંસ્કૃતિ મહિલા પરિવાર ગાંધીનગર દ્વારા રાયસણ લીંબચ માતાના મંદિર ખાતે ડબ્બા ઉજાણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાની મેનેજીંગ કમીટીના ૧૫ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બહેનો દ્વારા યોગા કરવામાં આવ્યા હતા તથા વાનગી ડેકોરેશન અને લાઈવ ચા બનાવવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ પ્રતિભાબેન દવેના સહયોગથી પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. બહેનો દ્વારા કોટેશ્વર મહાદેવ, ધોળેશ્વર મહાદેવ અને સ્વામિનારાયણ ધામના દર્શન કરવામાં આવ્યા હતા.

## વસાહત મંડળ સે-૩ની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

વસાહત મંડળ સે-૩ના રહીશોની સામાન્ય સભા તા. ૨૬ જાન્યુઆરીના રોજ સવાર ૧૦.૩૦ વાગ્યે યોજાશે. જે અંતર્ગત ભોજન વ્યવસ્થા રાખી હોવાથી મંડળના તમામ સભ્યોએ ભોજનપાસ તા. ૨૦ થી ૨૩ જાન્યુઆરી સુધીમાં સવારે ૯ થી ૧૧માં મેળવી લેવા આ સભામાં હોદેદારોની ચૂંટણી થવાની હોવાથી તમામ વસાહતીઓને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ રાજેશ ભટ્ટ અને મંત્રી નરસિંહ પરમાર દ્વારા જણાવાયું છે.

# ગુજકેટ ૨૦૨૦ પરીક્ષાના ઉમેદવારો ૨૧મી જાન્યુઆરીથી ફોર્મ ભરી શકશે

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ડિગ્રી એન્જીનીયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા, ફાર્મસી-અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા એ, બી અને એબી ગૃપના એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) ૨૦૨૦ પરીક્ષા તા. ૩૧ માર્ચના રોજ લેવાશે. ગુજકેટ ૨૦૨૦ માટેની માહિતી પુસ્તિકા અને ઓનલાઈન આવેદન પત્રની સુચનાઓ **www.gseb.org** પર મુકવામાં આવશે તથા **gujcet.gseb.org** પરથી તા. ૨૧ જાન્યુઆરીથી ૫ ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઈન આવેદનપત્ર ભરી શકાશે. ગુજકેટ પરીક્ષા ફી ૩૦૦ રૂ. એસબીઆઈ ઈપે સિસ્ટમ મારફતે ઓનલાઈન ક્રેડીટકાર્ડ, ડેબિટ કાર્ડ, નેટ બેકિંગ દ્વારા અથવા એસબીઆઈ ઈ પેના એસબીઆઈ બ્રાન્ચ પેમેન્ટ ઓપ્શન દ્વારા દેશની કોઈ પણ એસબીઆઈ બ્રાંચમાં ભરી શકાશે તેમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પરીક્ષા નાયબ નિયામક જે.જી. પંડયાએ જણાવ્યું છે.

# વેડા-ગોવિંદપુરા સાર્વજનિક દવાખાનાના નવનિર્મિત મકાનનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૮

માનવ સેવા દ્વારા જીવ બચાવવાનું કામ સૌથી અઘરું છે, એવું નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલે આજે વેડા-ગોવિંદપુરા- હિંમતપુરા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટ સંચાલિત એમ.બી.બી.સાર્વજનિક હોસ્પિટલના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરતા જણાવ્યું હતું.

નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ૧૯૬૫-૭૦માં દવાખાનાની કલ્પના કરવી એક સ્વપ્ન હતું ત્યારે વેડા ગામના વતની અને શ્રેષ્ઠી દાતાઓના સહયોગથી વેડા-ગોવિંદપુરા સાર્વજનિક દવાખાનું સાકાર થયું હતું. જેનું ઉદઘાટન મુંબઈની વિખ્યાત હોસ્પિટલના શ્રેષ્ઠી શ્રી રતિલાલ મણીલાલ નાણાવટીના હસ્તે કરવામાં આવ્યું હતું. સમય જતાં આ દવાખાનાનું મકાન ક્ષીણ અને જીર્ણ થતા તેનું નવ નિર્માણ કરવા વેડા ગામના વડીલોએ રમણલાલ વોરાની આગેવાની હેઠળ શ્રેષ્ઠીઓ સમક્ષ રજૂઆત કરતાં માતૃભૂમિનું ઋણ અદા કરવા મુંબઈ નિવાસીઓએ માનવ સેવાના આ મહાયજ્ઞમાં દાન આપીને કર્તવ્ય પ્રરાયણતા દાખવી છે. જેથી સૌ શ્રેષ્ઠી દાતાઓને અભિનંદન પાઠવું છું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, રાજયમાં ૧૧૦ જેટલી હોસ્પિટલ ગ્રાન્ટબલ છે. જેને વર્ષે સરકાર દ્વારા માતબર રકમનું અનુદાન આપવામાં આવે છે. સરકારના આ નાણાંનો સદઉપયોગ થાય પ્રજા માટે વપરાય તે ઉદ્દેશ હોવો જોઈએ. આ ભૂમિ ખેડૂતોની કર્મ ભૂમિ છે. દાતાઓ-શૂરવીરોની ભૂમિ છે. દાતાઓના સહયોગથી આ વ્યવસ્થા ઉભી થઈ છે. જેનો લાભ આસપાસના ગામના દર્દીઓ મેળવશે, તેવી આશા રાખું છું.

કાર્યક્રમના પ્રારંભે નરેન્દ્રભાઈ ચાવડાએ સ્વાગત પ્રવચન કરી સાર્વજનિક ટ્રસ્ટની રચના અને દવાખાનાની લાંબી સફરનો પરિચય કરાવ્યો હતો. જયારે સુરેશભાઈ પટેલે અંતમાં આભાર દર્શન કર્યું હતું. આ પ્રસંગે મહેસાણાના સાસંદ શારદાબેન પટેલ, સાબરમતીના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, માણસાના પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી સહિત મુંબઈના શ્રેષ્ઠી દાતાઓ, ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.





## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**તાન્હાજી**
૯.૩૫, ૧૦.૩૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**જય મમ્મી દી**
૧૦.૩૫, ૧૨.૫૫, ૩.૧૫, ૮.૧૫, ૧૦.૩૫
**ગુડ ન્યુઝ**
૧.૧૫, ૧૦.૨૦
**છપાક**
૧.૩૦, ૫.૩૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૪.૧૦
**કેમ છો? (ગુજરાતી)**
૪.૦૫, ૧૦.૧૫

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**જય મમ્મી દી**
૧૦.૩૦, ૧૨.૩૫, ૫.૩૦, ૧૦.૨૫
**ગુડ ન્યૂઝ**
૯.૪૦
**છપાક**
૩.૫૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૧.૦૫
**કેમ છો? (ગુજરાતી)**
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

**તાન્હાજી**
૧૧.૪૫, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦
**છપાક**
૧.૦૦, ૯.૩૦
**જય મમ્મી દી**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૦૦
**ગુડ ન્યુઝ**
૯.૪૫, ૫.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૯.૦૦, ૧૦.૦૦
**છપાક**
૧૨.૨૫, ૭.૩૦
**ગુડ ન્યુઝ**
૧૦.૨૦, ૭.૨૫
**જય મમ્મી દી**
૧૦.૦૫, ૩.૦૦, ૫.૧૫, ૧૦.૦૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૯.૩૦
**કેમ છો? (ગુજરાતી)**
૧.૧૦, ૧૦.૧૫

## @ગાંધીનગર

● સંસ્કાર ગ્રુપ દ્વારા ૨૬મી જાન્યુઆરીને અનુલક્ષીને બાળકો દ્વારા વૃક્ષોને સુશોભિત કરી રંગોળી કરવામાં આવશે તથા દેશ પ્રત્યેની નાગરિકની સમજ બાળકોને સે-૭ બગીચા ખાતે અપાશે.

● ગમ્યું તે ગીત, ગીત ગઝલોનો ગુલદસ્તો કાર્યક્રમ રાત્રે ૯.૩૧ થી સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

● જીવ કલ્યાણ સંસ્થાની જાન્યુઆરી માસની બેઠક સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતે સાંજે ૫ વાગ્યે મળશે.

● મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે. કડીકરના કંઠે અક્ષત તિલક બંગ્લોઝ, બંગલા નં. ૧૬, રોયલ સર્કલ, સરગાસણ ખાતે બપોરે ૨ થી ૫ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. રાણા મનહરબા મગનસિંહ, ઉ.વ. ૯૦
● સ્વ. અમરતભાઈ ધારસીભાઈ સોની, ઉ.વ. ૭૫
● સ્વ. વાસુદેવ ચાંગોભાઈ ઝોપે, ઉ.વ. ૭૨